# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર
અંક ૯૦ ઓકટોબર-ડિસેમ્બર ૨૦૨૪


## તંત્રીસ્થાનેથી ...


**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

**અમદાવાદ ચેપ્ટર**

૧. શ્રીમતી પ્રીતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાંતભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના
૧૩. શ્રી જયંતિભાઈ સંઘવી
૧૪. શ્રી જગતભાઈ કિનખાબવાલા

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી યોગેશભાઈ મહેતા
૫. શ્રી મધુભાઈ મહેતા
૬. શ્રી કુંજલભાઈ પટેલ
૭. શ્રી રોહિતભાઈ પરીખ
૮. શ્રી નિલેશભાઈ શુકલા

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડૉ. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડૉ. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદિપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જીજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડૉ. પ્રદીપભાઈ અટોદરિયા


**પ્રિય મિત્રો,**

નમસ્કાર !

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન જાન્યુઆરી ૨૦૨૫ માં તેના ૨૪ માં વર્ષમાં પ્રવેશ કરશે આ સમય દરમિયાન સંસ્થા દ્વારા આરોગ્ય ક્ષેત્રે સમાજમાં જાગૃતિ લાવવાનું ઘણું નોંધપાત્ર કાર્ય કરવામાં આવ્યું છે. જેથી સંસ્થાના એક માર્ગદર્શક અને પ્રેરક તરીકે હું ઘણી સંતોષની લાગણી અનુભવું છું.

છેલ્લા ૨૩ વર્ષમાં સંસ્થા દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યમાં એક પછી એક એમ કુલ ૯ ચેપ્ટરની રચના કરીને સંસ્થાની પ્રવૃત્તિઓ રાજ્યભરમાં ફેલાવવામાં આવી છે તેમજ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન છેલ્લા ૫ વર્ષથી International Federation of Kidney Foundation (IFKF) નું પણ સભ્ય છે અને આ સંસ્થા દ્વારા પ્રસિદ્ધ થતાં ત્રિમાસિક મુખપત્રમાં આપણી સંસ્થા દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તિઓને ખૂબ જ વિસ્તારપૂર્વક પ્રકાશિત કરવામાં આવે છે જેની નોંધ કિડનીના ક્ષેત્રમાં કાર્ય કરતી વિશ્વભરની સંસ્થાઓ લેતી હોય છે. આમ વૈશ્વિક સ્તરે પણ સંસ્થા દ્વારા કરવામાં આવતી પ્રવૃતિઓથી લોકો માહિતગાર થયા છે જે અમારા માટે ખૂબ જ ગર્વ અને આનંદની વાત છે.

આ ત્રિમાસિક સમયગાળા દરમિયાન સંસ્થા દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તિઓની વાત કરવામાં આવે તો કુલ ૮૬ જેટલા કિડની જાગૃતિ કાર્યક્રમો અને ૩૮ જેટલા બ્લડપ્રેશર, ડાયાબિટીસ અને કિડની તપાસ કેમ્પનું આયોજન વિવિધ સ્થળો પર કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમો અને કેમ્પોની અસરકારકતા ત્યારે સમજાય છે જ્યારે તેમા ભાગ લેનાર લાભાર્થીઓ કાર્યક્રમના અંતે અમારી પાસે આવીને આ પહેલા કિડનીનાના રોગો વિષે પોતે કેટલા અજાણ હતા અને કાર્યક્રમ દ્વારા આપવામાં આવેલ માહિતી ખૂબ જ ઉપયોગી અને મહત્વની હોવાનું સ્વીકારતા હોય છે તેમજ કેમ્પમાં ભાગ લેનાર લાભાર્થી માંથી પણ ઘણા લોકોને પહેલીવાર આ બીમારી હોવાનો ખ્યાલ આવતો હોય છે.

૧૪ નવેમ્બરનો દિવસ 'વિશ્વ ડાયાબિટીસ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. જેનો હેતુ ડાયાબિટીસ જેવા અસાધ્ય રોગની શરીરના વિવિધ અંગો પર પડતી ખરાબ અસરથી સમાજના લોકોને જાગૃત કરવાનો છે. આપ સૌ જાણો છો તેમ કિડની જેવા શરીરના મહત્વના અંગને પણ ડાયાબિટીસ જેવી બીમારી ખૂબ જ ગંભીર નુકસાન કરે છે. જેથી આ વિષે સમાજના લોકોને માહિતગાર કરીને જાગૃત કરવા એ સંસ્થાની મહત્વની જવાબદારી છે. જેને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા તારીખ ૧૪ થી ૨૦ નવેમ્બર સુધી ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા હતા જેની વિગતો આ અંકમાં આગળ આપેલ છે.

કિડનીના દર્દીઓને લેવી પડતી સારવારમાં મદદરૂપ થવાના હેતુથી શરૂ કરવામાં આવેલ 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંતર્ગત આ સમય દરમિયાન રૂ. ૧,૯૪,૯૮૦ ની સહાય જરૂરિયાતમંદ કિડનીના દર્દી મિત્રોને કરવામાં આવી છે. એવી જ રીતે કિડનીના દર્દીઓના પુનઃર્વસનના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવેલ 'પ્રેરણા' કાર્યક્રમ હેઠળ દરેક ચેપ્ટરમાં વિવિધ શૈક્ષણિક, મનોરંજક અને પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થા દ્વારા છેલ્લા ૨૩ વર્ષથી ચાલતી સેવાકીય પ્રવૃતિઓમાં સમાજના જે પણ જવાબદાર નાગરિકોએ અને સંસ્થાઓએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે તે તમામનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

**શુભેચ્છાઓ સહ,**

ત્રિલોકભાઈ પરીખ
ચેરમેન

# જાગૃતિ કાર્યક્રમ : (Prevention Through Awareness Programme)

## કિડની જાગૃતિ કાર્યક્રમોની એક ઝલક



વિશ્વકર્મા એન્જીનિયરીંગ કોલેજ, ચાંદખેડા, અમદાવાદ



ગામ. સોનીપુર, જી. ગાંધીનગર



જયંત સ્નેક્સ એન્ડ બેવરેજીસ પ્રા. લિ., રાજકોટ



રેડક્રોસ સોસાયટી, ભાવનગર




અપના ઘર ફાઉન્ડેશન, સુરત



ગવર્મેન્ટ આઈ. ટી. આઈ., વડોદરા

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો હિમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાન્તભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહભાઈ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ એન. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એમ.પટેલ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ગીર–સોમનાથ ચેપ્ટર

૧. શ્રી પ્રવીણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી સુરેશભાઈ કંપાણી
૭. શ્રી ગીરીશભાઈ ઠક્કર
૮. ડો. શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડયા
૧૦. શ્રી અરુણકુમાર શર્મા

# બીપી, ડાયાબિટીસ અને કિડની નિદાન કેમ્પ




ગામ. સાકોદરા, તા. બાવળા, અમદાવાદ




જીવનતીર્થ સંસ્થા, વાડજ, અમદાવાદ




મહાવીરનગર, હિંમતનગર




ગામ. મેમદપુર, જી. મહેસાણા




કાળિયાબીડ, ભાવનગર ખાતે મેગા કેમ્પ




કરમશીબાપા ગુરુ આશ્રમ ખાતે મેગા કેમ્પ, સુરત

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
## ભાવનગર ચેપ્ટર

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનીલભાઈ વડોદરીયા
૩. શ્રી ચેતનભાઈ કામદાર
૪. શ્રી રાજુભાઈ બક્ષી
૫. શ્રી મેહુલભાઈ પટેલ
૬. શ્રી સુમિતભાઈ ઠક્કર

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
## રાજકોટ ચેપ્ટર

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. શ્રી સુધીર ભીમાણી
૬. શ્રી કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ પટેલ
૯. શ્રી રજનીભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનીશ આડેસરા

# વિશ્વ ડાયાબિટીસ દિવસ

**૧૪ નવેમ્બર Frederick Banting નો જન્મદિવસ છે જેમણે Charles Best સાથે મળીને સૌપ્રથમ ૧૯૨૨ની સાલમાં ઈન્સ્યુલિનની શોધ કરી હતી. તેમણે આ ક્ષેત્રમાં આપેલા યોગદાનને બિરદાવવા આંતરરાષ્ટ્રીય ડાયાબિટીસ ફેડરેશન (IDF) અને વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) દ્વારા વિશ્વ ડાયાબિટીસ દિવસની શરૂઆત વર્ષ ૧૯૯૧માં વિશ્વભરમાં ડાયાબિટીસના કેસોમાં ઝડપી વધારાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી અને તેનું નેતૃત્વ આંતરરાષ્ટ્રીય ડાયાબિટીસ ફેડરેશન (IDF) દ્વારા કરવામાં આવે છે દરેક વિશ્વ ડાયાબિટીસ દિવસ નિમિત્તે ડાયાબિટીસ સંબંધિત થીમ પર આ રોગ વિષે સમાજમાં જાગૃતતા લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.**

**સામાન્ય રીતે ટાઈપ-૨ ડાયાબિટીસ એ મોટાભાગે સાવચેતીનાં પગલાં અને સારવાર થકી અટકાવી શકાય તેવો બિન-ચેપી રોગ છે જે વિશ્વભરમાં ઝડપથી વધી રહ્યો છે જ્યારે ટાઈપ-૧ ડાયાબિટીસના રોગને અટકાવી શકાતો નથી પરંતુ ઈન્સ્યુલિન ઈન્જેક્શન દ્વારા તેને નિયંત્રિત કરી શકાય છે.**

આ દિવસની ઉજવણીના ભાગરૂપે સંસ્થા દ્વારા ૧૪ થી ૨૦ નવેમ્બર ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ તરીકે ઉજવવામાં આવ્યું હતું અને વિવિધ જગ્યાઓ પર નિ:શુલ્ક તપાસ કેમ્પ અને સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.



પોલિસ લાઈન, ગાંધીનગર




ઝુંડાલ ગામ

- તારીખ ૧૪ નવેમ્બર પોલીસ લાઇન, સેક્ટર-૨૭, ગાંધીનગર ખાતે ડાયાબિટીસ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં ગુજરાત પોલીસે તેમના પરિવાર સાથે ભાગ લઈને આ કેમ્પનો લાભ લીધો હતો.
- ૧૬ નવેમ્બર ત્રીજા દિવસે શ્રી હનુમાનજી ટેમ્પલ, ઝૂંડાલ ગામ ખાતે દર્શનાર્થે આવતા નાગરિકો માટે વિના મૂલ્યે ડાયાબિટીસની તપાસ કરવામાં આવી હતી.
- ૧૫ નવેમ્બર 'ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ' ના બીજા દિવસે સંસ્થા દ્વારા ગુજરાત રાજ્ય પોલિસ વેલફેર હોસ્પિટલ, શાહીબાગ ખાતે ગુજરાત પોલીસના જવાનો માટે ડાયાબિટીસ જાગૃતિ સેમિનાર તેમજ ડાયાબિટીસ, બીપી તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ડાયાબિટીસ રોગના નિષ્ણાંત ડો. શાલીન શાહ (Endocrinologist) ઉપસ્થિત રહ્યા હતા અને પોલીસ જવાનો અને તેમના પરિવારને પ્રોજેક્ટરના માધ્યમથી ડાયાબિટીસ રોગ વિશે વિશેષ માહિતી આપી હતી.





ગુજરાત પોલિસ અને તેમના પરિવારને ડાયાબિટીસના રોગથી માહિતગાર કરતા ડો.શાલીન શાહ

- ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ' ની ઉજવણીના પાંચમા દિવસે તારીખ ૧૮ નવેમ્બર ૨૦૨૪, સોમવારના રોજ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, સદ્‌વિચાર પરિવાર દ્વારા સંચાલિત વરિષ્ઠ નાગરિક ગૌરવ ગ્રુપ અને લાયન્સ ઈન્ટરનેશનલ ક્લબના સહયોગથી શ્રી મદન મોહન રમણલાલ સભાગૃહ, સદ્‌વિચાર પરિવાર કેમ્પસ ખાતે કિડની અને ડાયાબિટીસ રોગ વિષે જાહેર જાગૃતિ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કિડનીના નિષ્ણાંત તબીબ ડો. જીગર શ્રીમાળી (નેફ્રોલોજીસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા અને પ્રોજેક્ટરના માધ્યમથી શ્રોતાઓને ડાયાબિટીસથી કિડની જેવા મહત્વના અંગને થતાં નુકસાન વિશે વિસ્તૃત માહિતી આપીને આ રોગથી બચવા માટેના પગલાં સૂચવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન શ્રી ત્રિલોકભાઈ આર. પરીખ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય અને સદ્‌વિચાર પરિવાર સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી માનનીય શ્રી પી.કે. લહેરી સાહેબ તથા શ્રી રશ્મિકાંતભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમના અંતે દરેકનું વિના મૂલ્યે બીપી અને ડાયાબિટીસ પણ તપાસવામાં આવ્યું હતું.


શ્રોતાઓને માહિતગાર કરતા ડો.જીગર શ્રીમાળી


શ્રોતાગણ

- તારીખ ૨૦ નવેમ્બર ૨૦૨૪, બુધવારના રોજ સંસ્થા દ્વારા શ્રી મહાકાલી મંદિર હોલ, મહાવીરનગર, હિંમતનગર ખાતે શહેરના જાગૃત નાગરિકો માટે ડાયાબિટીસ અને કિડની અવેરનેસ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ડો. અનિલ જાંગીડ (યુરોલોજીસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા અને PPT ના માધ્યમથી શ્રોતાઓને ડાયાબિટીસ અને કિડની રોગ વિષે વિગતવાર માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાની હિંમતનગર ખાતેની સ્થાનિક સલાહકાર સમિતિનીના ચેરમેન શ્રી કુંજબિહારી (નાનુભાઈ) પટેલ સમિતિના સભ્યોશ્રી ગીરીશભાઈ ભાવસાર અને ડો. કેવલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમના અંતે દરેક લાભાર્થીઓનું વિના મૂલ્યે બીપી અને ડાયાબિટીસની તપાસ કરવામાં આવી હતી.





પ્રેરણા
પુનઃર્વસન કાર્યક્રમ

**"પ્રેરણા એટલે હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા કિડનીના દર્દી મિત્રોને આનંદપૂર્વક જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરતુ એક વિશિષ્ટ સંગઠન"**

## રાજકોટ

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ, રાજકોટ દ્વારા રોલેક્સ રિંગ્સ લિમિટેડના સહયોગથી કિડનીનાં દર્દીઓ માટે સ્માઈલ મ્યુઝિકલ ગ્રુપની મદદથી સંગીત સંધ્યા કાર્યક્રમનું આયોજન તારીખ ૨૬ ઓક્ટોમ્બર ૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમાં ૧૫૦ થી વધુ કિડનીના દર્દીઓએ ઘડીભર પોતાનું દુઃખ ભૂલી કાર્યક્રમની મઝા માણી હતી.

કાર્યક્રમમાં ડો. વિવેક જોષી (મેનેજિંગ ટ્રસ્ટી એન્ડ ચીફ, બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ) ડો. વિશાલ ભટ્ટ (સી.ઓ.ઓ. બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ), શ્રી જયેશભાઈ ઉપાધ્યાય (પ્રમુખ, બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ) શ્રી રવિન્દ્ર ડી. કુમાવત ,શ્રી ઘનશ્યામ પટેલ ( સિનિયર એક્ઝિક્યુટિવ, રોલેક્સ રિંગ્સ લિમિટેડ), શ્રી ઋતુરાજસિંહ જાડેજા (આસિસ્ટન્ટ એજ્યુકેટીવ, રોલેક્સ રિંગ્સ લિમિટેડ) હાજર રહયા હતા.



પ્રેરણા સભ્યોને સંગીત પીરસતા સ્માઈલ મ્યુઝીકલ ગ્રુપના સભ્યો

આ પ્રસંગે અમે સ્માઈલ મ્યુઝિકલ ગ્રુપ પરિવારના દરેક સેવાભાવી સભ્યોનો, મહેમાનો તેમજ દાતાશ્રીઓનો આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આભાર વ્યક્ત કરીએ છીએ.

## અમદાવાદ

તારીખ ૪ નવેમ્બર ૨૦૨૩, શનિવારના રોજ બી.કે. હોલ, પ્રીતમનગર અખાડા, પાલડી ખાતે પ્રેરણા સભ્યો માટે મ્યૂઝિક અને રાસ-ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મ્યુઝિક લવર્સ ગ્રૂપના સેવાભાવી સભ્યોને આમંત્રિત કરવામાં આવ્યા હતા જેઓએ વિવિધ જુના-નવા ગીતો અને ગરબા ગાઈને પ્રેરણા સભ્યોને ખૂબ જ આનંદ કરાવ્યો હતો. આ પ્રેરણા કાર્યક્રમમાં પ્રેરણા સભ્યો માટે ભોજનની વ્યવસ્થા સંસ્થાની અમદાવાદ ખાતેની સલાહકાર સમિતિના સભ્ય અને HOCCO Eateryના માલિક શ્રીમતી રેખાબેન ચોના તરફથી કરવામાં આવી હતી. તે બદલ સંસ્થા એમનો આભાર વ્યક્ત કરે છે.મ્યુઝિક લવર્સ ગ્રુપના સભ્ય શ્રી જિજ્ઞેશભાઈ પટેલે આ પ્રસંગે રૂ. ૧૧,૦૦૦નું દાન સંસ્થાને આપ્યું હતું. અમે શ્રી જિજ્ઞેશભાઈનો અને મ્યુઝિક લવર્સ ગ્રુપ તમામ સભ્યોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. તે ઉપરાંત આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મ્યુઝિક લવર્સ ગ્રુપના સભ્ય શ્રી રૂપેશભાઈ શાહ અને શ્રી ધવલભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું તેમના આ સહયોગ માટે સંસ્થા તેમની આભારી છે.



પ્રેરણા મિત્રોને મનોરંજન કરાવતા મ્યુઝિક લવર્સ ગ્રૂપના સભ્યો



રાસ–ગરબાનો આનંદ માણતા પ્રેરણા સભ્યો

## વડોદરા

તારીખ ૨૦ ઓક્ટોબર ૨૦૨૪, રવિવારના રોજ અમન આનંદ હિંગુરાની ગ્રુપના સહયોગથી શિવમ ફાર્મ (જરોદ પાસે, હાલોલ રોડ, વડોદરા) ખાતે પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. સુંદર મજાની ચારેબાજુ લીલી હરિયાળી અને પક્ષીઓના કલરવ સાંભળતા સૌ પ્રેરણા મિત્રોએ અવિસ્મરણીય આણંદ માણ્યો હતો. આ પિકનિકમાં આશરે ૪૦ જેટલા પ્રેરણા સભ્યોએ તેમના સગા સાથે ભાગ લીધો હતો. જ્યાં સૌ પ્રથમ Musical Event રાખવામાં આવી હતી. જેમાં હિંગુરાની ગ્રુપના મેમ્બર્સ દ્વારા જૂના ફિલ્મી ગીતોની રંગત જમાવી હતી. ત્યારબાદ મિત્રોના Musical Insolvent માટે દરેકને એક ચીઠ્ઠીમાં એક શબ્દ આપવામાં આવ્યો હતો જેના પરથી ફિલ્મી ગીતો ગાવાના હતા, જેમાં સૌએ પોતાને આવડતા ગીતો ગાયા હતા. Musical Program પછી ગરબાની રમઝટ જામી હતી. અંતમાં બધાએ ગરમા ગરમ સાઉથ ઇંડિયન ભોજનની મજા માણી હતી.



પ્રેરણા પિકનિક, વડોદરા




ફેન્સી દિવા સાથે પ્રેરણા સભ્યો

આમ પ્રેરણા મિત્રોના ચેહરા પર ખુશી લાવવાનો એક નમ્ર પ્રયાસ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો હતો.

દિવાળીના શુભ અવસરે, અમે કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓના પરિવારોને આર્થિક સહાય પૂરી પાડવા અને તેમનામાં રહેલી કલાને બહાર લાવવાના ઉદ્દેશ્યથી ફેન્સી દિવા બનાવવાનો વર્કશોપ યોજ્યો હતો. જેમાં દરેક સભ્યોએ સુંદર રંગોથી ૨૦૦૦ થી વધુ ફેન્સી દિવા બનાવ્યા હતા.

## મહેસાણા

તારીખ ૦૬ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન, મહેસાણા ચેપ્ટર દ્વારા પ્રેરણા સભ્યો માટે ફેન્સી દિવા અને ગરબા સ્પર્ધાનું આયોજન રોટરી ભવન હોલ ખાતે કરવામાં આવ્યું હતું જેમાં બહુ ઉત્સાહ સાથે પ્રેરણા સભ્યોએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન સભ્યોએ પોતાને લેવી પડતી હિમોડાયાલિસીસની સારવારના અનુભવ રજૂ કર્યા હતા.




પ્રેરણા કાર્યક્રમ, મહેસાણા

## ભાવનગર

૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન ભાવનગર દ્વારા પ્રેરણા કાર્યક્રમ અંતર્ગત કિડનીના દર્દીઓને રેડક્રોસ સોસાયટીના સહયોગથી બ્લેન્કેટ વિતરણ વિના મૂલ્યે કરવામાં આવ્યું હતું.



બ્લેન્કેટ મેળવતા પ્રેરણા સભ્યો

## સુરત

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, સુરત દ્વારા પ્રેરણા બેનર હેઠળ ૨૦ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ પ્રેરણા સભ્યો માટે રાસ-ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રેરણા સભ્યોએ બહુ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આ કાર્યક્રમને માણ્યો હતો. સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ આ કાર્યક્રમ માટે વિનામૂલ્યે હોલ તેમજ શ્રી આશાપુરા ટ્રસ્ટ દ્વારા પ્રેરણા સભ્યો માટે ડીનરનું આયોજન કરવામાં આવ્યું હતું તે માટે અમે બંને સંસ્થાઓનો આભાર વ્યક્ત કરીએ છીએ.



દિવ્ય ભાસ્કર મહેસાણા પુલઆઉટ 08-10-2024

**મહેસાણા રોટરી ભવન દ્વારા ગરબા**

મહેસાણા | મહેસાણા રોટરી ભવન ખાતે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા કિડનીના દર્દી મિત્રો માટે ગરબાનું આયોજન કરાયું હતું. પ્રેરણા સભ્યો તેમના સગા સાથે ગરબે રમ્યા હતા.



સાર સમાચાર

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા કિડનીના દર્દીઓ માટે રાસ-ગરબા યોજાયા**

નવગુજરાત સમય > અમદાવાદ: ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન (IRF) દ્વારા વર્ષ 2002માં કિડનીના દર્દીઓના પુનઃવર્સન માટે શરૂ કરાયેલા 'પ્રેરણા' કાર્યક્રમને ઓક્ટોબર 2024માં 22 વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે અને તેની ઉજવણીના ભાગરૂપે 19 ઓક્ટોબરને શનિવારે બી.કે. હોલ, પાલડી ખાતે કિડનીના દર્દીઓ માટે મ્યુઝિક લવર્સ ગ્રૂપના સહયોગથી મ્યુઝિક અને રાસ-ગરબાના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં કિડનીના દર્દીઓએ તેમના સગા સાથે ભાગ લીધો હતો અને રાસ-ગરબાની મોજ માણી હતી તેમ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના કો-ઓર્ડિનેટર જયેશ બી. પટેલે જણાવ્યું છે. નવગુજરાત સમય



**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા પોલીસ જવાનો માટે ડાયાબિટીસ જાગૃતિ સેમિનાર યોજાયો...** નવગુજરાત

૧૪ નવેમ્બરના દિવસને સમગ્ર વિશ્વમાં ડાયાબિટીસ જાગૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે જેનો હેતુ ડાયાબિટીસ જેવા સમાન્ય જણાતા રોગની શરીરના મહત્ત્વના અંગો પર પડતી વિપરીત અસરથી સમાજના લોકોને જાગૃત કરવાનો છે જેના ભાગરૂપે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ના આ હેતુને સાર્થક કરવા ૧૪થી ૨૦ નવેમ્બર દરમિયાન 'ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ' ઉજવવાનું નક્કી કરાયું છે, જેના ભાગરૂપે વિવિધ જગ્યાઓ પર તપાસ કેમ્પ અને જાગૃતિ સેમિનાર યોજાઈ રહ્યા છે. ૧૫ નવેમ્બરે અમદાવાદ શહેર પોલીસના જવાનો માટે એક વિશેષ ડાયાબિટીસ જાગૃતિ સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં નિષ્ણાત તબીબ ડો. શાલીન શાહ (ડાયાબીટોલોજીસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા અને પ્રોજેક્ટરના માધ્યમથી પોલીસ જવાનોને વિસ્તૃત માહિતી આપીને આ રોગ વિષે જાગૃત કર્યા હતા. અંતે દરેક જવાનોનું વિનામૂલ્યે બીપી અને ડાયાબિટીસ પણ તપાસવામાં આવ્યું હતું. ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન (આઈ.આર.એફ.) એક બિન નફાલક્ષી અને સ્વાસ્થ્યના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા છે. જે ત્રિલોકભાઈ આર. પરીખના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૨૩ વર્ષથી કિડની અને કિડનીના રોગો અંગે લોકજાગૃતિ, દર્દીઓના પુનઃર્વસન, ચિકિત્સા, શિક્ષણ અને સંશોધન ક્ષેત્રમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં કાર્યરત છે.



**ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહની ઉજવણી કરાઇ**

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા વિશ્વ ડાયાબિટીસ દિવસના હેતુને સાર્થક કરવા માટે તારીખ ૧૪ થી ૨૦ નવેમ્બર દરમિયાન ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહનું આયોજન કર્યુ છે. તાજેતરમાં શ્રોતાઓને ડાયાબિટીસથી કિડની જેવા અંગને થતા નુકશાન વિશે વિસ્તૃત માહિતી આપીને આ રોગથી બચવા માટેના પગલા સૂચવ્યા હતા.



દિનાંક : 17-11-2024, રવિવાર

**'ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન' દ્વારા ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહની ઉજવણી**

(લોકાર્પણ) ગાંધીનગર, ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન (આઈઆરએફ) એક બિન નફાલક્ષી અને સ્વાસ્થ્યના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા છે. જે શ્રી ત્રિલોકભાઈ આર. પરીખના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૨૩ વર્ષથી કિડની અને કિડનીના રોગો અંગે લોકજાગૃતિ, દર્દીઓના પુનઃર્વસન, ચિકિત્સા, શિક્ષણ અને સંશોધન ક્ષેત્રમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં કાર્યરત છે. ૧૪ નવેમ્બર નો દિવસ સમગ્ર વિશ્વમાં ડાયાબિટીસ જાગૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે જેનો હેતુ ડાયાબિટીસ જેવા સામાન્ય જણાતા રોગની શરીરના મહત્વના અંગો પર પડતી વિપરીત અસરથી સમાજના લોકોને જાગૃત કરવાનો છે જેના ભાગરૂપે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા 'વિશ્વ ડાયાબિટીસ દિવસ' ના આ હેતુને સાર્થક કરવા માટે તારીખ ૧૪ થી ૨૦ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન 'ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ' ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે જેના ભાગરૂપે વિવિધ જગ્યાઓ પર તપાસ કેમ્પ અને જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવી રહ્યું છે જેના અનુસંધાનમાં તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૪, શુક્રવારના રોજ અમદાવાદ શહેર પોલીસના જવાનો માટે એક વિશેષ ડાયાબિટીસ જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં નિષ્ણાંત તબીબ ડો. શાલીન શાહ (ડાયાબીટોલોજીસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા અને પ્રોજેક્ટર ના માધ્યમથી પોલીસ જવાનોને વિસ્તૃત માહિતી આપીને આ રોગ વિષે જાગૃત કર્યા હતા અંતે દરેક જવાવોનું વિના મૂલ્યે બીપી અને ડાયાબિટીસ પણ તપાસવામાં આવ્યું હતું.



દિવ્ય ભાસ્કર હિંમતનગર મોડાસા ભાસ્કર 22-11-2024

**ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહની ઊજવણી**

હિંમતનગર | ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન (આઈ.આર.એફ.) દ્વારા છેલ્લા 22 વર્ષથી કિડની અને કિડનીના રોગો અંગે લોકજાગૃતિ, દર્દીઓના પુનઃર્વસન, ચિકિત્સા, શિક્ષણ અને સંશોધન ક્ષેત્રમાં કાર્યરત છે. ડાયાબિટીસ જેવા સમાન્ય જણાતા રોગની શરીરના મહત્વના અંગો પર પડતી વિપરીત અસરથી સમાજના લોકોને જાગૃત કરવાનો છે જેના ભાગરૂપે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા "વિશ્વ ડાયાબિટીસ દિવસ" ના આ હેતુને સાર્થક કરવા માટે તા. 14 થી 20 નવેમ્બર દરમિયાન "ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ" ઉજવવાનું નક્કી કરાયું છે. જેના ભાગરૂપે બુધવારે મહાકાળી મંદિર, મહાવીરનગર, હિંમતનગરમાં ડાયાબિટીસ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં કિડનીના નિષ્ણાંત તબીબ ડો. અનિલ જાગીડ (યુરોલોજીસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા અને ડાયાબિટીસથી કિડની જેવા મહત્વના અંગને થતાં નુકસાન વિશે વિસ્તૃત માહિતી આપીને આ રોગથી બચવા માટેના પગલાં સૂચવ્યા હતા.

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઈ બી. પટેલ
૫. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૬. ડો. શ્રી પી. ડી. પટેલ
૭. શ્રી સંદીપભાઈ શેઠ



**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન (આઈ.આર.એફ.) એક બિન નફાલક્ષી અને સ્વાસ્થ્યના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા**

(લોકાર્પણ) ડાંગ, ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન (આઈ.આર.એફ.) એક બિન નફાલક્ષી અને સ્વાસ્થ્યના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા છે. જે શ્રી ત્રિલોકભાઈ આર. પરીખના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૨૩ વર્ષથી કિડની અને કિડનીના રોગો અંગે લોકજાગૃતિ, દર્દીઓના પુનઃર્વસન, ચિકિત્સા, શિક્ષણ અને સંશોધન ક્ષેત્રમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં કાર્યરત છે. તારીખ ૧૪ નવેમ્બરનો દિવસ સમગ્ર વિશ્વમાં ડાયાબિટીસ જાગૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે જેનો હેતુ ડાયાબિટીસ જેવા સમાન્ય જણાતા રોગની શરીરના મહત્વના અંગો પર પડતી વિપરીત અસરથી સમાજના લોકોને જાગૃત કરવાનો છે જેના ભાગરૂપે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા 'વિશ્વ ડાયાબિટીસ દિવસ' ના આ હેતુને સાર્થક કરવા માટે તારીખ ૧૪ થી ૨૦ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન 'ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ' ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે સદવિચાર પરિવાર દ્વારા સંચાલિત વરિષ્ઠ નાગરિક ગૌરવ ગ્રુપ અને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના સયુક્ત ઉપક્રમે ડાયાબિટીસ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જેમાં કિડનીના નિષ્ણાંત તબીબ ડો. જીગર શ્રીમાળી (નેફ્રોલોજીસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા અને પ્રોજેક્ટરના માધ્યમથી શ્રોતાઓને ડાયાબિટીસથી કિડની જેવા અંગને થતાં નુકસાન વિશે વિસ્તૃત માહિતી આપીને આ રોગથી બચવા માટેના પગલાં સૂચવ્યા હતા. કાર્યક્રમાં ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય અને સદવિચાર પરિવારના મેનેજિંગ ટ્રસ્ટી માનનીય શ્રી પી.કે. લહેરી સાહેબ ખાસ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમના અંતે દરેકનું વિના મૂલ્યે બીપી અને ડાયાબિટીસ પણ તપાસવામાં આવ્યું હતું.

# Save a life

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંતર્ગત કિડની રોગથી પીડાતા જરૂરિયાતમંદ દર્દી મિત્રોને હિમોડાયાલિસીસની સારવાર અને કિડની પ્રત્યારોપણ પછીની દવાઓ તથા AV ફિસ્ટુલા સર્જરી માટે જરૂરી સહાય વર્ષ ૨૦૦૨ થી કરી રહી છે.
આ ત્રિમાસિક સમયગાળા દરમિયાન સંસ્થા દ્વારા ૭ દર્દીઓને હિમોડાયાલાયઝર અને બ્લડ ટ્યુબીન ૩૭ હિમોડાયાલિસીસ અને કિડની પ્રત્યારોપણની સારવાર લઈ રહેલા દર્દીઓને દવાઓ માટે રૂ. ૧,૯૪,૯૮૦ ની સહાય કરવામાં કરવામાં આવી હતી.

## ‘સેવ અ લાઈફ’ કાર્યક્રમના લાભાર્થી ચંદા મૂળે



શ્રીમતી ચંદા મૂળે

મારુ નામ ચંદા હિતેશભાઈ મૂળે છે. મારી ઉંમર ૫૧ વર્ષ છે. મારા બે બાળકો (દીકરો–દીકરી) સાથે વડોદરાના માંજલપુર વિસ્તારમાં ભાડાના મકાનમાં રહું છું. મારા પતિ સંગીતના કાર્યક્રમમાં વાજિંત્રો વગાડવા જાય છે. વર્ષ ૨૦૧૫ માં દવાઓની આડઅસરના કારણે મને કિડનીમાં તકલીફ થઈ હતી પરંતુ નેફ્રોલોજીસ્ટ ડોક્ટરની સારવાર અને દવાઓ થકી મારે ડાયાલિસીસ કરાવવાની જરૂર પડી ન હતી. ૨૦૨૧ ના વર્ષમાં તકલીફ વધતાં વડોદરાની શાસ્ત્રીજી મહારાજ હોસ્પિટલમાં ડાયાલિસીસની સારવાર લેવાનું શરૂ કરવું પડ્યું. મારા પતિને પ્રસંગોપાત કામ મળતું હોવાથી આવક સીમિત રહે છે અને બન્ને બાળકો ભણતા હોવાથી કિડનીના રોગને લગતા ખર્ચાઓમાં પહોંચી વળવુ મુશ્કેલ હતું. ડાયાલિસીસની સારવાર લેવા માટે વર્ષ ૨૦૨૧માં AV ફિસ્ટુલાની સર્જરી કરાવી હતી જે ઓગષ્ટ ૨૦૨૪ માં ફેઈલ થઈ ગઈ હતી જેના કારણે મારે DLC મૂકાવી પડી અને એન્જીયોપ્લાસ્ટી કરાવી. સપ્ટેમ્બર ૨૦૨૪ માં AV ફિસ્ટુલાની સર્જરી ફરીવાર કરાવી જેના કારણે મારે ઘણો ખર્ચ આવ્યો. આ સમયે મારા પાડોશી દ્વારા ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનો સંપર્ક થયો. સંસ્થાએ મારી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મને જે મદદ કરી તે માટે હું સંસ્થાનો અને દાતાશ્રી (રાજમાતા શુભાંગીની દેવી રાજે ગાયકવાડ) નો આભાર માનું છું

## આ ત્રિમાસિક સમયમાં મળેલ દાનની વિગતો

### સેવ અ લાઈફ કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૧,૨૦,૦૦૦/– |
| નારાયણ પાવરટેક લિમિટેડ, વડોદરા | રૂ. ૯૦,૦૦૦/– |
| સુરત સિટીઝન કાઉન્સિલ ટ્રસ્ટ, સુરત | રૂ. ૫૦,૦૦૦/– |
| શ્રી રજનીભાઈ પટેલ (શ્રી મેઘજીભાઈ પુંજાભાઈ મેમોરિયલ ચેરીટેબલ ટ્રસ્ટ), રાજકોટ | રૂ. ૨૫,૦૦૦/– |
| શ્રી પરબતભાઈ એચ. કાછડિયા, સુરત | રૂ. ૨૧,૦૦૦/– |
| શ્રી વલ્લભભાઈ ડી. પંચાણી, સુરત | રૂ. ૨૧,૦૦૦/– |
| એક્ટ ઓફ કાઈન્ડનેસ, અમદાવાદ | રૂ. ૧૧,૦૦૦/– |
| શ્રીમતી જ્યોતિબેન ભરતભાઈ પરીખ, અમદાવાદ | રૂ. ૫,૦૦૦/– |
| શ્રી મહેન્દ્ર મોતીલાલ વસા, અમદાવાદ | રૂ. ૨,૫૦૦/– |
| શ્રી સુનિલ આઈ. પટેલ, અમદાવાદ | રૂ. ૨,૦૦૦/– |

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન ૮૦ G હેઠળ ૫૦% કર રાહતને પાત્ર છે**

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન

B-૨૦૪, શપથ– ૪, કર્ણાવતી કલબની સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, અહમદાવાદ - ૩૮૦૦૫૧, ફો, ૦૭૯૪૦૦૨૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨/ સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧/ રાજકોટ: ૯૨૨૨૭૨–૫૧૫૮૫/ મહેસાણા: ૮૫૧૧૧–૧૪૨૫૬/ ભાવનગર: ૮૫૧૧૧–૧૪૨૫૭/ ભુજ: ૮૫૧૧૧–૪૮૨૨૮/ હિંમતનગર: ૬૩૫૪૯–૧૯૬૬૭
E-mail: irf@indiarenalfoundation.org & indiarenalfoundation@gmail.com Visit us at: www.indiarenalfoundation.org

indianrenalfoundation Irfindia Indiarenalfoundation3521

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G